## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આ શાકવાળો નક્કી કોઈ પાર્ટીનો સદસ્ય લાગે છે... એણે માસ્ક નથી પહેર્યો...

# કોરોનાની પરિસ્થિતિમાં કલ્ચરલ ફોરમનો આ વર્ષે નવરાત્રી નહીં યોજવાનો નિર્ણય

### ગાંધીનગર કલ્ચરલ ફોરમની મહત્વની જાહેરાત

ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર ગુજરાતમાં જેની નામના છે એવી ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રી આ વર્ષે કોરોનાની પરિસ્થિતિમાં નહીં યોજાય. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ આજે આ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, કોરોનાનું સંક્રમણ હજુ યથાવત છે, આવનારા સમયમાં પણ સોશિયલ ડિસ્ટન્સિંગનું ચુસ્ત પાલન અનિવાર્યપણે કરવાનું છે. આવા સંજોગોમાં નાગરિકોની સલામતી એ આપણી ટોચ અગ્રતા છે અને એટલે ગાંધીનગર કલ્ચરલ ફોરમે આ વર્ષે નવરાત્રી મહોત્સવ નહીં યોજવાનો નિર્ણય લીધો છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ છેલ્લા ૨૫ વર્ષોથી નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરે છે. આઠમની મહાઆરતી અને પરંપરાગત શાસ્ત્રીય ગરબા ગાનને કારણે કલ્ચરલ ફોરમના ગરબા ગુજરાતમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પરંતુ આ વર્ષે કોરોનાની મહામારીના કપરા કાળમાં પરિસ્થિતિ હજુ પણ વિકટ છે. ભારતમાં અને ગુજરાતમાં કોરોના નિયંત્રણમાં જરૂર આવ્યો છે, પરંતુ હજુ કેસોની સંખ્યા યથાવત રહી છે. એટલું જ નહીં, કોરોનાનું સંક્રમણ અટકાવવા સોશિયલ ડિસ્ટન્સિંગ અત્યંત અનિવાર્ય છે. આવી પરિસ્થિતિ હજુ આગામી મહિનાઓ સુધી યથાવત રહે તેવી સંભાવનાને પગલે ગાંધીનગર કલ્ચરલ ફોરમે વ્યાપક જનહિતમાં આ વર્ષે નવરાત્રી મહોત્સવનું આયોજન નહીં કરવાનો નિર્ણય લીધો છે.

શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ મા જગતજનની જગદંબા કોરોનાની મહામારીના આ સંતાપમાંથી સમગ્ર માનવજાતને મુક્ત કરે એવી પ્રાર્થના કરી હતી. ગાંધીનગર જલ્દીથી કોરોનામુક્ત થાય એ માટે તમામ નાગરિકો કોરોનાની ગાઈડલાઈન્સનું ચુસ્ત પાલન કરે એવી અપીલ પણ તેમણે કરી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગરમાં આજે રજાના દિવસે પણ જિલ્લાની ઓફિસોમાં કામગીરી ચાલુ રહી હતી.
- રાજયના મુખ્યંમત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કલેકટર અને કમિશ્નરો સાથે વિડીયો કોન્ફરન્સ કરી ચોમાસામાં થયેલા નુકશાનો તેમજ મરામતના કામો અને જળસંચયના કામોને લઈ ચર્ચાઓ કરી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયત અને મનપાના નવા સીમાંકન અંગે તંત્ર એ કવાયત હાથ ધરી છે.
- આજે ગણેશ ચતુર્થીની ઉજવણી અત્યંત સાદગી સાથે છતાં દબદબાભેર શહેરીજનોએ કરી છે.
- રાજયના શિક્ષણ વિભાગે મોડી રાત્રે ૨૮ જેટલા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે. આ ઉપરાંત ૬ જિલ્લાઓમાં વધારાનો ચાર્જ કોણ સંભાળશે તેના હુકમો પણ આ સાથે કરવામાં આવ્યા છે.
- આજે ગાંધીનગર અને માણસા તાલુકામાં હળવા વરસાદના ઝાપટા સાજે ૬ વાગ્યા સુધીમાં નોંધાયા હતા.
- ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગ મેલેરિયાના છુટા છવાયા કેસો શરૂ થયા છે. જો કે ડેનગ્યુના કેસો હજુ નોંધાયા નથી.

# જિલ્લાના ૨૭ નાયબ મામલતદારોની બદલી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ.કુલદીપ આર્ય એ આજે નાયબ મામલતદાર સંવર્ગની બદલીનો ગંજીફો ચીપ્યો છે. જો કે હજુ પણ બદલીનો એકાદ નાનો રાઉન્ડ આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આજે ૨૭ જેટલા નાયબ મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલી કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી બદલીની અટકળો ચાલતી હતી પરંતુ આજે તે અટકળોનો અંત આવ્યો છે.

આજે કરાયેલ બદલીઓમાં જે.વી. પરમાર, નીલાબા ગોહિલ, હિનાબેન, ચાન્વા, એચ.જે. ચૌહાણ, એસ.એ. ચાવડા, આર.સી. રાઓલ, એચ.એન. જોશી, કિંજલ મોદી, બી.ડી. ચાવડા, ટી.એલ. ઉપાધ્યાય, વૃંદાબેન મેવાડા, એસ.એ. પરમાર, ડી.જે. પટેલ, એમ.એમ. લત્તાણી, મનીષ કડીઆ, જે.ઓ. દેસાઈ, એન.એ. રાવલ, આર.પી. ઠાકોર, જી.જી. પંડયા, પી.વી. ગોહિલ, રમીલાબેન મકવાણા, બી.વી. ચાવડા, કે.વી. રાવ, ઈશ્વરભાઈ દેસાઈ, જીગર પરમાર, એમ.યુ. રજપૂત, સી.પી. ઝાલાનો સમાવેશ થાય છે.

જિલ્લામાં એક સાથે ૨૭ નાયબ મામલતદારોની બદલીઓ થતાં વહીવટતંત્રમાં પણ આજે સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો.

વહીવટી તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ તેમજ અન્ય કેટલીક બદલીઓનો બીજો દોર આગામી માસના પ્રથમ પખવાડિયામાં હાથ ધરાશે તેમ મનાઈ રહ્યું છે.



ગાંધીનગરમાં ગજાનન ગણપતિનું આગમન થઈ જવા પામ્યું છે અને શ્રધ્ધાળુઓના હૈય હેતની હેલી ઉમટી રહી છે. શહેરના સેકટર-૫માં જાણીતા સેવાભાવી વડિલ મહિલા નીરૂબેન નાયકના નિવાસસ્થાને ગણેશજીની માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું છે. આ સાથે તેમણે અડોશ પડોશના દર્શનાર્થીઓને ફરજિયાત માસ્ક પહેરીને સેનેટાઈઝ કરીને સોશ્યલ ડિસ્ટન્સિંગ જાળવી દર્શન કરવાની છૂટ આપે છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# જમીન મુદ્દે ખોટી પાવર ઓફ એટર્ની બનાવી દાવો કરનાર ત્રણ સામે ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ખાતે ૫૦૦૮ ચોરસ મીટર જમીન વર્ષ ખેડુત દ્વારા ૨૦૦૮માં વેચાણ કરી દીધી હતી. ત્યારબાદ આ જમીન મુદ્દે ખોટી પાવર ઓફ એટર્ની બનાવી દાવો કરનાર ત્રણ વ્યકિત સામે પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ ખાતે રહેતા અજીતસિંહ પિત્રામસિંહ ચૌહાણ અષ્ટવિનાયક કોર્પોરેશન નામની પેઢીમાં મેનેજર છે. તેઓની પેઢીએ વર્ષ ૨૦૧૭માં ૯૮ લાખ ચુકવીને નાના ચિલોડા ખાતે ૫૦૦૮ ચોરસમીટર જમીન ખરીદી હતી. આ જમીન વર્ષ ૨૦૦૮માં રાણાજી શકરાજી ઠાકોરે વેચાણ કરી હતી. જેમાં તેના બંને ભાઈઓ તેમજ કુટુંબીજનોએ કબુલાત લખી આપી હતી. જમીનના ત્રણ માલિક બદલાયા પછી ફરીયાદીની પેઢીએ જમીન ખરીદી છે જેની રેવન્યુ નોંધ પડેલી છે. આ જમીન પર પેઢી દ્વારા સ્કિમ મુકવામાં આવી છે અને તેનું બાંધકામનું કામ પણ ચાલુ છે.આ સમય દરમિયાન કેટલાક નાગરીકો જમીન જોવા માટે આવ્યા હતા અને મંજુલાબેન મયંકકુમાર રાવલ (ચાંદલોડીયા) દ્વારા જમીન વેચાણ માટે કાઢી હોવાનું કહ્યું હતું. જેથી પેઢી દ્વારા તપાસ કરવામાં આવતા વર્ષ ૨૦૦૮ જમીન વેચાણ કરનાર રાણાજીના નાનાભાઈ ઓ ભવાનજી શકરાજી ઠાકોર, રામાજી શકરાજી ઠાકોરે મંજુલાબેનને ખોટી પાવર ઓફ એટર્ની કરી આપી હતી.પખવાડીયા પહેલા ફરીયાદી ગાંધીનગર સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે જમીનનું સર્ચ કઢાવવા માટે ગયા હતા. તે સમયે રામાજી ઠાકોર મળ્યા હતા, ત્યારે ખોટી પાવર ઓફ એટર્ની અંગે વાત કરતા રામાજી ઉશ્કેરાઈ ગયા હતા અને જમીન અમારી છે ખાલી નહી કરી તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી સમગ્ર મુદ્દે ફરીયાદીએ ખોટી પાવર ઓફ એટર્નીને પગલે પેઢી સાથે છેતરપિંડી, વિશ્વાસઘાત અને મોતની ધમકી આપતા ફરીયાદ નોંધાવતા સે-૭ પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નરેન્દ્ર મોદી જન્મદિવસે ગુજરાતની મુલાકાતે આવે તેવી પ્રબળ શક્યતા

### મોદી યુએન મહેતા હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં બનાવવામાં આવેલી બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે

ગાંધીનગર, તા. ૨૨

દેશના માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના ૭૧મા જન્મદિવસ પર એટલે કે ૧૭મી સપ્ટેમ્બરે વતન ગુજરાતની મુલાકાતે આવે તેવી શક્યતા છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને રાજ્ય સરકારના પ્રવક્તા નીતિન પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન યુએન મહેતા હોસ્પિટલનું ઉદ્ઘાટન કરી શકે છે. નીતિન પટેલે શુક્રવારે નવનિર્મિત સુવિધાની મુલાકાત લીધી હતી. રાજ્ય સરકારે અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલનો વિકાસ અને સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં નવી બિલ્ડિંગ ઉભી કરવાના વડાપ્રધાન મોદીના વિઝનને અનુલક્ષીને કામ કર્યું છે', તેમ પટેલે કહ્યું હતું. '૩૦૦ કરોડના ખર્ચે બનેલી યુએન મહેતા હોસ્પિટલ બિલ્ડિંગ અને ૧૨૦૦



બેડવાળી સિવિલ હોસ્પિટલ સુવિધા તૈયાર છે. વડાપ્રધાન મોદી બંને બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે તેવી શક્યતા છે. નીતિન પટેલે ઉમેર્યું કે, જ્યારે કોવિડ-૧૯ના કેસ વધવા લાગ્યા હતા ત્યારે બંને નવી બિલ્ડિંગનો ઉપયોગ કોરોના વાયરસના દર્દીઓની સારવાર કરવામાં કરાયો હતો.

જો કે, નીતિન પટેલે બિલ્ડિંગોનું ઉદ્ઘાટન કઈ તારીખે થશે તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા કરી નથી. પરંતુ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, વડાપ્રધાન ઔપચારિક ઉદ્ઘાટન માટે ૧૭ સપ્ટેમ્બર તારીખ પસંદ કરશે. વડાપ્રધાન જન્મદિવસ પર તેમના નાના ભાઈ સાથે ગાંધીનગરમાં રહેતા માતા હીરાબાના આશીર્વાદ લેવા માટે આ તારીખે ગુજરાતની મુલાકાત લઈ શકે છે. વડાપ્રધાન અમદાવાદ અને ઉત્તર ગુજરાતના લોકોને કેટલાક સિવિક પ્રોજેક્ટ અને નર્મદા જિલ્લાના કેવડીયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શ્રેણીબદ્ધ પ્રોજેક્ટ સમર્પિત કરે તેવી શક્યતા છે. વડાપ્રધાન મોદી આ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં ગુજરાતની મુલાકાતે આવ્યા હતા, જ્યારે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પરિવારે અમદાવાદની મુલાકાત લીધી હતી. પીએમ મોદી થોડા દિવસ પહેલા યુએન મહેતા હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં બનેલી નવી બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરવા માટે અમદાવાદ આવવાના હોવાની શક્યતા હતી. જો કે, કોરોના મહામારીના કારણે અમદાવાદ મુલાકાતને મુલતવી રાખી હતી.

# અમદાવાદના પૂર્વ મેયર પ્રફુલ બારોટનું અવસાન

### પ્રફુલ બારોટ ૧૯૯૧-૧૯૯૨ સુધી અમદાવાદ શહેરના મેયર હતા, મુખ્યમંત્રી રૂપાણીએ પણ શ્રદ્ધાંજલિ આપી

અમદાવાદ, તા. ૨૨

અમદાવાદના પૂર્વ મેયર પ્રફૂલ બારોટનું આજે દુખદ નિધન થયું છે. તેમના અવસાનના સમાચાર મળતાની સાથે જ વડાપ્રધાન મોદીએ ટ્વીટર પર શ્રદ્ધાંજલિ પાઠવી છે. તેમણે ટ્વીટ કરીને લખ્યું કે અમદાવાદના પૂર્વ મેયર પ્રફુલભાઈ બારોટના અવસાનથી દુ:ખ અનુભવું છું. અમદાવાદના વિકાસ કાર્યોમાં તેઓનું યોગદાન સદાયે એમની યાદ અપાવતું રહેશે. મારી સાંત્વના આ શોકની ઘડીમાં પરિવાર અને શુભેચ્છકોની સાથે છે ઓમ શાંતિ. દરમિયાન રાજયના મુખ્યમંત્રી રૂપાણીએ પણ બારોટનું અવસાન થતા ટ્વીટર પર શ્રદ્ધાંજલિ આપીને દુખ વ્યક્ત કર્યુ હતું. તેમણે ટ્વીટર પર લખ્યું કે 'અમદાવાદના પૂર્વ મેયર પ્રફુલભાઈ બારોટના નિધનથી અત્યંત દુ:ખની લાગણી અનુભવું છું. અમદાવાદની વિકાસયાત્રામાં એમનું યોગદાન સદાય સ્મરણીય રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને ચિર શાંતિ બક્ષે અને પરીવારજનોને દુ:ખ સહન કરવાની શક્તિ બક્ષે એ જ પ્રભુના ચરણોમાં પ્રાર્થના, ઓમ શાંતી. દરમિયાન ભારતીય જનતા પાર્ટીના નવ નિયુક્ત અધ્યક્ષ સીઆર પાટીલે પણ બારોટના અવસાનના સમાચાર મળતા શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે ટ્વીટર પર લખ્યું કે 'અમદાવાદના પૂર્વ મેયર પ્રફુલભાઈ બારોટજીનાં અવસાનથી અત્યંત દુ:ખની લાગણી અનુભવું છું. અમદાવાદનાં વિકાસ માટે એમણે કરેલા કાર્યો ક્યારેય ભૂલાશે નહીં. ઈશ્વર એમનાં દિવંગત આત્માને શાંતિ અર્પે અને પરિવારજનોને આઘાત સહન કરવાની શક્તિ અર્પે એવી પ્રાર્થના. ઓમ શાંતિ. ઉલ્લેખનીય છે કે પ્રફુલ બારોટ અમદાવાદના જાણીતા વકીલ હતા અને તેઓ ભારતીય જનતા પાર્ટીના નેતા હતા. તેમણે ૮ ફેબ્રૂઆરી ૧૯૯૧થી લઈને ૮ ફેબ્રુઆરી ૧૯૯૨ સુધી ફરજ નિભાવી હતી.

# ઈસનપુર મોટા ગામે વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૨

ચિલોડા પાસે આવેલા ઈસનપુર મોટા ગામે વરલી મટકાનો જુગાર રમાડતા બે યુવકોને ચિલોડા પોલીસે પકડી પાડ્યા છે. ટોળુ વળીને નાગરીકો ઉભા હતા તે સમયે ચિલોડા પોલીસે બાતમીને પગલે રેઈડ કરતા નાસભાગ મચી જવા પામી હતી. જેમાં મોબાઈલ પર નીચે બેસીને વરલી મટકાના આંક લખતો ગામનો રોહિત રમણભાઈ પ્રજાપતિ પકડાઈ ગયો હતો. જયારે તેના મોબાઈલમાંથી રાજુ નામના શખ્સને આંકડા લખાવ્યા હોવાનુ સામે આવ્યું હતું. રાજુ અંગે પોલીસે પુછતાછ કરતા તે ગામમાં મંદિરવાળા વાસમાં રહેતો રાજુ મંગળદાસ પટેલ હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે ઝડપી પાડેલા આરોપી પાસેથી ૧૮૭૦ રોકડા અને મોબાઈલ ફોન મળી ૩૮૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી બંન્ને સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ડાયાબિટીસના દર્દીને કોરોનાનો ચેપ લાગવાની સંભાવના વધુ

અમદાવાદ, તા. ૨૨

ડાયાબિટીસના દર્દીઓ માટે ચોંકાવનારી વિગત સામે આવી છે. હાલ કોરોના નું સંક્રમણ વધી રહ્યું છે તેવામાં સામાન્ય વ્યક્તિઓ કરતા ડાયાબિટીસના દર્દીઓને કોરોનાનો ચેપ લાગવાની સંભાવના ચારથી પાંચ ગણી વધુ હોય છે. એટલું જ નહીં કોરોના થયેલા ડાયાબિટીસના દર્દીઓ માં કોરોનાના કારણે મોતનું જોખમ પણ ચારથી પાંચ ગણું હોવાનું તથ્ય જાણીતા ડાયાબિટોલોજિસ્ટ મનીષ અગ્રવાલે રજૂ કર્યું છે. જેથી આવા દર્દીઓને બને ત્યાં સુધી ઘરમાં જ રહેવાની સલાહ તબીબો આપી રહ્યા છે. દેશમાં ડાયાબીટીસ ખૂબ ઝડપથી વધી રહ્યો છે સમગ્ર વિશ્વમાં ડાયાબિટીસના દર્દીઓમાં ચીન પહેલા નંબરે અને ભારત બીજા નંબરે છે. પરંતુ જે પ્રકારે ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા વધી રહી છે તેને જોતા આગામી ૨૦૨૫માં ડાયાબિટીસના દર્દીઓની સંખ્યામાં ભારત પહેલા નંબર પર હશે. એકતરફ હાલ કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે તેવામાં ડાયાબિટીસના દર્દીઓને કોરોનાનો ચેપ લાગવાની સંભાવના ચારથી પાંચ ગણી વધુ હોવાનું સામે આવ્યું છે.

આ અંગે એમડી પીએચડી ડાયાબિટોલોજિસ્ટ મનીષ અગ્રવાલ જણાવે છે કે, ભારતમાં ડાયાબિટીસના ૮ કરોડ દર્દીઓ છે. અંદાજે ૮ કરોડ એવા લોકો પણ છે જેમને ડાયાબીટીસ હોઈ શકે છે. જો સ્ક્રીનિગ કરવામાં આવે તો આવા દર્દીઓ સામે આવી શકે. ભારતમાં ડાયાબિટીસના દર્દીઓમાં તમિલનાડુ બાદ ગુજરાત બીજા નંબરે છે. ગુજરાત. આ ૧૪.૮ ટકા દર્દીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ૯.૧ ટકા દર્દીઓ છે. અર્બન વિસ્તારમાં ડાયાબીટીસ નું પ્રમાણ વધુ હોવાનું કારણ શહેરી વિસ્તારમાં જંક ફૂડ વધુ આરોગવામાં આવે છે. જમવાનું સમયસર હોતું નથી. તેમજ બેઠાડુ જીવન અને કસરતનો અભાવ હોય છે. જ્યારે ગ્રામ્યના લોકો જંકફૂડથી બને ત્યાં સુધી દૂર રહે છે અને શુદ્ધ અને તાજો ખોરાક લે છે. હાલમાં કોરોનાના કેસ સામે આવી રહ્યા છે.

# ચોકલેટના બનાવેલા ગણપતી સોમનાથ મંદિરમાં અર્પણ

સોમનાથ મહાદેવ મંદિરે આજરોજ ગણેશ ચર્તુર્થીના પાવન પ્રસંગે વેરાવળ બસ સ્ટેશન વિસ્તારમાં એક બેકરી ધરાવતા શિવ-ગણેશભક્ત મહિલા કિર્ભદા બહેન ગોપલાણી એ આજરોજ સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટને ઈકોફ્રેન્ડલી અને પર્યાવરણ-સ્વચ્છતાનો સંદેશ જળવાઈ રહે તેવા બે ગણપતી કે જે ચોકલેટના બનાવેલા છે. તે સોમનાથ મંદિરને તથા શ્રદ્ધા પણ જળવાઈ રહે તેવા બે ગણપતી કે જે ચોકલેટના બનાવેલા છે. તે સોમનાથ મંદિરને અર્પણ કર્યા જે સોમનાથ મંદિરને તથા ભીડ ભંજન મંદિરને અર્પણ કર્યા જે સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ સ્વીકાર્યા અને જણાવ્યું કે આનું આપ વિસર્જન-બિરાજમાન અગર વિસર્જનની પ્રસાદી ભક્તોને આપી આપને યોગ્ય લાગે તે રીતે કરશો.ચોકલેટના આ ગણપતીઓ સાત ઈંચના લંબાઈ અને પહોળાઈ પાંચ ઈંચની અને કાચના બોક્સમાં રાખી દર્શન માટે બિરાજમાન રખાયા.

# ૫૦૦ લઈ પાણીના ભૂતિયા જોડાણ નિયમિત કરી અપાશે

### નગરો અને મહાનગરોમાં ખાનગી ઝૂંપડપટ્ટીને પાણીના જોડાણોની માગણીથી નિયમાનુસાર ધોરણે કનેક્શન

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રીએ રાજ્યના નગરો-મહાનગરોમાં અડધા ઈંચ સુધીના ગૃહ વપરાશના ખાનગી સ્વતંત્ર રહેણાંકના ભુતિયા-ગેરકાયદે જોડાણો તા.૩૧ ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં માત્ર રૂ. ૫૦૦ની નજીવી ફિ લઈને નિયમીત-રેગ્યુલરાઈઝડ કરી આપવા માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સૂચવ્યું છે. એટલું જ નહિ, તેમણે એવો પણ અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે નગરો-શહેરો-મહાનગરોમાં ખાનગી ઝૂંપડપટ્ટીઓને પાણીના જોડાણોની માંગણી થયેથી નિયમાનુસાર ધોરણે નળ જોડાણ-કનેકશન આપી દેવાશે.

વિજય રૂપાણીએ રાજ્યના ૮ મહાનગરો તથા રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનરો સાથે ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ યોજીને 'નલ સે જલ' મિશનની કામગીરી, રોડ-રસ્તા રિપેરીંગ, કોરોના સંક્રમણ નિયંત્રણ તેમજ નાગરિક સુવિધા-સુખાકારીના કામોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.મુખ્યમંત્રીએ આ બેઠકમાં જણાવ્યું કે કોરોના સંક્રમણ નિયંત્રણ કામગીરીની સાથે હવે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ડે-ટુ-ડે રોજબરોજના વહિવટી કામોનો નિકાલ તેમજ વિકાસ કામોને પણ અગ્રતા આપી સ્થિતી પૂર્વવત થવા માંડી છે તેવી જનઅનુભૂતિ નાગરિકો-શહેરીજનોને કરાવવી જોઈએ.

મુખ્યમંત્રીએ કહ્યું કે સારા માર્ગો-રસ્તાઓ ગુજરાતની ઓળખ છે ત્યારે વર્ષાઋતુમાં વરસાદને કારણે રોડ-રસ્તાને જે નાનુ-મોટું નુકશાન થયું હોય તે માટે રિપેરીંગ-રિસરફેસીંગની તૈયારીઓ માસ્ટર પ્લાન સાથે કરી દેવાય અને ઊઘાડ નીકળતાં જ તે દુરસ્તી કામો હાથ ધરાય તેવી સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. આગામી દિવાળી પહેલાં આવા તમામ માર્ગો રસ્તાઓ પૂર્વવત બને તે માટેની કાર્યવાહીની પણ મુખ્યમંત્રીએ તાકિદ કરી હતી. મુખ્યમંત્રીએ નગરપાલિકા વિસ્તારોમાં સ્વચ્છતા સહિતના કામો માટે આયોજનબદ્ધ લક્ષ્યાંક નિર્ધારીત કરીને કામગીરી કરવાની રિજીયોનલ મ્યુનિસીપાલિટીઝ કમિશનરોને તાકિદ કરી હતી. મુખ્યમંત્રીએ પારદર્શી, ભ્રષ્ટાચાર રહિત અને ફેઈસ લેસ વ્યવસ્થાઓ નાગરિક કેન્દ્રીત સેવાઓ ઓનલાઈન કરીને વિકસાવવા સમયાનુકુલ કાર્યવાહીના સેટ અપ માટે પણ આ બેઠકમાં હિમાયત કરી હતી. તેમણે કહ્યું કે સરકાર ટેકનોલોજી આધારિત વ્યવસ્થાઓ વિકસાવી ટ્રાન્સપેરન્સી અને ઝડપી નિર્ણયોથી આગળ વધી રહી છે તે સંજોગોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ પણ કદમ મિલાવતી અનુરૂપ સુવિધાઓ ઊભી કરવી જોઈએ.